શિહોરીના જૈન દેરાસરમાં ચોરી

બે લાખ ચાર હજારનું ચાંદીનું તોરણ ચોરી ચોર ફરાર

કાંકરેજ, તા. ૧૪

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે આવેલ જૈન દેરાસર મંદિરમાં ગતરાત્રીને અજાણ્યા શખ્સોએ દેરાસર ઉપર ચડીને સિમેન્ટની જાળી તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ૩ કિ. ૪૦૦ ગ્રામ કિંમત રૂ. ૨,૦,૪૦૦૦, નું ચાંદીનું તોરણ ચોરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે શિહોરી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શિહોરી ખાતે આવેલ જૈન દેરાસરમાં ચોર શખ્સોએ ગત રાત્રીના સમયે દેરાસર ઉપર ચડીને સિમેન્ટની જાળી તોડી અંદર આવેલા ગર્ભગૃહમાં પ્રવેશ કર્યો હતો. ભગવાનના સિંહાસનના દરવાજા ઉપર લગાવેલું ચાંદીનું તોરણ ચોરીને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે જૈન દેરાસરના ટ્રસ્ટી કિર્તીભાઈ શાહે શિહોરી પોલીસને જાણ કરતાં પી.એસ.આઈ. એસ.બી. ચૌધરી અને પી.એસ.આઈ. એમ.ડી. ચંપાવત ઘટના સ્થળે પહોંચી ગયા હતા. અને તપાસ આરંભી હતી.જેમાં દેરાસરના ઉપરના ભાગેથી રસ્સો, લોખંડની ટોમી, તેમજ થેલો અને બે આરી પાના મળી આવ્યા હતા. તપાસમાં ડૉગ સ્કોવર્ડ અને એફ.એસ.એલ.ની પણ મદદ લેવામાં આવી હતી. શિહોરી પોલીસે રૂ. ૨,૦,૪૦૦૦ની મત્તાની ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચાર વર્ષથી નાસતો ફરતો આરોપી પડકાયો

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. ડી.પી. ચુડાસમાને મળેલ બાતમી આધારે પી.એસ.આઈ. ડી.એમ. ઢોલ અને સ્ટાફે શનિવારના રોજ સાંજે સાબરકાંઠા જિલ્લાના મોડાસા ખાતેની અરુણોદય સોસાયટીમાં રહેતો ભરતકુમાર ઉર્ફે બાબલો ગીરધરલાલ ભાવસાર જે જામનગર જિલ્લાના જામ ખંભાળીયા પોલીસ મથકમાં છેતરપીંડીના ગુનામાં ચાર વર્ષથી નાસતો ફરતો હતો. ઉપરાંત રાજસ્થાનના સલુંબર પોલીસ મથકના ગુનામાં પણ નાસતો ફરતો હતો જેને મોડાસાથી પકડી પાડી જામ ખંભાલીયા પોલીસ મથકે સોંપી દધો હતો.

રહેમ નજર રાખીને દારૂનો ધંધો ચલાવવા દેવા બદલ ઊંઝા પી.આઈ. સસ્પેન્ડ

ઊંઝા, તા. ૧૪

ઊંઝા નગર ઐઠોર ગામે ડી.વી. વીજીલન્સ સ્કવોર્ડ દ્વારા થોડા દિવસો અગાઉ પકડાયેલા દારૂ અંગેના દરોડા સંદર્ભે ગાંધીનગર રેન્જ આઈ.જી.પી.એ ઊંઝા પોલીસ મથકના પી.આઈ.ને ફરજના ચૂકમાં બેદરકારી બદલ જવાબદાર ગણીને સસ્પેન્ડ કરી દેતા જિલ્લા પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. રેન્જ આઈ.જી.એ લીધેલ પગલાને લોકોએ આવકાર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત ૧૬મી સપ્ટેમ્બરની રાત્રે રાજયની ડી.વી. વીજીલન્સ સ્કવોર્ડના અધિકારીઓએ સ્ટાફના માણસો સાથે ઊંઝા નજીક ઐઠોર ગામે દારૂ અંગે દરોડો પાડયો હતો. જેમાં ઐઠોર ગામે હાઈવે નજીકના ખેતરમાં બનાવેલ ઓરડીમાં પરપ્રાંતની બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. રાજય પોલીસે વિવિધ માર્કાની દારૂની પેટીઓ તેમજ મોટરકાર અને સ્કૂટર મળી કુલ રૂ. ૨૬.૩૦ લાખની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ઓરડી માલિક ઐઠોરના ગજજરની ધરપકડ કરી મુખ્ય સૂત્રધાર રમેશ ઈન્દ્રમલ મારવાડી અને કબજે કરાયેલ વાહનચાલકો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી ત્યારે ઊંઝા પોલીસની જાણ બહાર પકડાયેલ દારૂના દરોડાથી સ્થાનિક પોલીસ તંત્રમાં હલચલ મચી જવા પામી હતી. દારૂની આ રેડ સંદર્ભે ખાતાકીય રાહે તપાસના આદેશ થયા હતા. દરમિયાન પકડાયેલ દારૂના જથ્થા માટે ઊંઝા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આર.વી. નંદાસણાને જવાબદાર ગણીને ગાંધીનગર રેન્જના આઈ.જી.પી. સમશેર સિંહે સસ્પેન્ડ કરી દેતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. આ પ્રકરણમાં ઐઠોર બીટના જમાદારને પણ જવાબદાર ઠેરવવામાં આવે તેવી સંભાવના હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પુનાસણ ગામ નજીક પાણીના હોજમાંથી વિદેશી દારૂની ૧૮૦૦ બોટલ પકડાઈ

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના પુનાસણ ગામ નજીક એક બંધ પડેલ ફેકટરીના પાણી હોજમાંથી વિદેશી દારૂની ૧૮૦૦ બોટલ પકડી પાડી હતી અને બે વિરૂધ્ધ ગુનો નોંધી મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે વિગત આપતા ભિલોડા પોલીસ મથકના પી.એસ.આઈ. વી.યુ. ચાવડાએ જણાવેલ કે બાતમી આધારે પુનાસણ ગામ નજીક આવેલ એક બંધ પડેલ ફેકટરીમાં શનિવારના રોજ મોડી સાંજે ૭ વાગેના સુમારે રેડ કરતા ફેકટરીના ખાલી પડેલા પાણીના હોજમાં સિમેન્ટની ખાલી કોથળીઓ નીચેથી વિદેશી દારૂની ૧૮૦૦ નંગ બોટલ કિંમતરૂ. ૬ લાખ ૨૬ હજાર ૬૦૦ની મળી આવી હતી. જેથી પોલીસે તમામ મુદ્દામાલ કબજે લઈ ભિલોડા પોલીસ મથકે હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં રહેતા અલ્પેશભાઈ જયંતીભાઈ પટેલ અને પુનાસણના લાલસિંહ વખતસિંહ સિસોદિયા, વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું.

આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ગુજરાત હિત પાર્ટી દ્વારા લોક સંપર્કના માધ્યમથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

વેજપુર દૂધ મંડળીના સેક્રેટરીનો રૂ. ૨.૨૦ લાખની રોકડ ભરેલો થેલો ચોરાયો

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર ગામની દૂધ મંડળીના સેક્રેટરીનો શનિવારના રોજ બપોરના સુમારે ભિલોડામાંથી ૨.૨૦ લાખની રોકડ ભરેલો થેલો ચોરતા ભિલોડા પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વેજપુર દૂધ મંડળીના સેક્રેટરી જેસિંગભાઈ બેચરભાઈ તરાર ગ્રાહકોને દૂધનો પગાર ચૂકવવાનો શનિવારના રોજ ભિલોડા ખાતેની સાબરકાંઠા બેંકમાંથી થેલામાં રૂ. ૨.૨૦ લાખ લઈ નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ બાઈક લઈ પેટ્રોલ પંપ પર ગયેલા જ્યાં પેટ્રોલ પુરાવી સામે મોબાઈલની દુકાનમાં કામ અર્થએ ગયા હતા તે સમય દરમિયાન કોઈ અજાણ્યા ઈસમે બાઈક પર ભરાવેલ ૨.૨૦ લાખની રોકડ ભરેલી થેલો ચોરી કરી લી ગયો હતો. આ અંગે ભિલોડા પોલીસમથકે સેક્રેટરી જેસિંગભાઈ બેચરભાઈ તરારે ભિલોડા પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

ખેડાલ મનસુરી સમાજના ઉપપ્રમુખ બાબુભાઈ મનસુરી હજ કરવા જશે

ગાંધીનગર, તા. ૧૪

પ્રાંતિજના મુસ્લિમ અગ્રણી સામાજીક કાર્યકર અને ખેડાલ મનસુરી સમાજના ઉપપ્રમુખ બાબુભાઈ રહેમાનભાઈ મનસુરી તેમના ધર્મ પત્ની શકીનાબેન સાથે આગામી તા. ૧૯ ઓક્ટોબર-૨૦૧૨ને શુકવારના રોજ હજે બયતુલ્લા જવા પ્રાંતિજથી રવાના થશે. આથી બાબુભાઈ અને તેમની પત્નિ શકીનાબહેનને સમાજ બંધુઓ અને ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

શેઢી કેનાલમાં ગાબડું પડી જતાં ૧૦૦૦ વીઘામાં પાણી ફેલાયું

અમદાવાદ, તા. ૧૪

નડિયાદ તાલુકાના નારણપુરા લાટમાં આવેલી શેઢી શાખાની કેનાલમાં શનિવારે મોડી સાંજે ગાબડું પડ્યું હતું. તેમાંય ચારથી પાંચ ફૂટના ગાબડાથી બે કાંઠે વહેતી કેનાલના નીર આસપાસના સીમ વિસ્તાર સ્થિત ખેતરોમાં પૂરના પાણીની જેમ ફરી વળ્યાં હતાં. જેમાં અંદાજે એક હજાર ઉપરાંત વીઘા જમીન જળબંબોળ થઈ ગઈ હતી.ખેતરોમાં રાત્રિના સુમારેથી રવિવારે બપોર સુધીમાં કેનાલનાં પાણી ધસમસતા પૂરની જેમ ફરી વળતાં દેશી તમાકુ અને ડાંગરનો તૈયાર પાક ડૂબાણમાં જતાં ખેડૂતોને ભારે આર્થિક ફટકો પડ્યો હતો. સદર આફતથી ખેડૂતોને અંદાજે દોઢથી બે કરોડનું નુકસાન થયું હોવાનું ગામનાં અગ્રણી ખેડૂતોએ જણાવ્યું હતું.આ સંદર્ભે વધુમાં માહિતી અનુસાર નારણપુરા લાટની સીમમાંથી પસાર થતી શેઢી સિંચાઈ ખુમરવાડ શાખા કેનાલના સાયફન સાવ નજીકમાં જ અચાનક ગાબડું પડ્યું હતું. શનિવારે રાત્રિના અંદાજે ૧૨.૩૦ કલાકની આસપાસના સુમારે કેનાલમાં પડેલા ગાબડામાંથી પાણીનો પ્રવાસ નદીની જેમ વહેવા માંડ્યો હતો.

જોત જોતામાં બે કાંઠે છલોછલ વહેતી કેનાલનાં પાણી આસપાસની એક હજાર વીઘા જમીનમાં પૂરની જેમ ફરી વળ્યાંહતાં. જેમાં૯૦૦ વીઘા જમીનમાં ત્રણ માસની કોરટ દેશી તમાકુનો પાક બોરાણમાં ગયો હતો. તેમ જ ૧૦૦ વીઘા જમીનમાં ડાંગરનો તૈયાર મોલ જળબંબોળ થઈ ગયો હતો. તેમાંય રવિવારે બપોર સુધીમાં મોટાભાગનાં ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હતા.

તમાકુ અને ડાંગરનો તૈયાર પાક બોરાણમાં જવાથી દોઢથી બે કરોડનું નુકસાન થયું હતું. ખેડૂતોએ કેનાલના પાણીને બંધ કરાવવા માટે તાલુકા મથકે સિંચાઈ વિભાગના અધિકારીઓને ફોન કરવા છતાં કોઈ રિપ્લાય ન મળતાં ખેડૂતોમાં ઉગ્ર રોષની લાગણી ઉઠવા પામી હતી.

પાલનપુરમાં ૨૦ હજારથી વધુ અરજદારોએ કોર્ટની પરીક્ષા આપી

પાલનપુર, તા. ૧૪

પાલનપુરની વિવિધ શાળા કોલેજોમાં આજે કોર્ટની વિવિધ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં ૨૫ હજારથી વધુ બેરોજગાર ઉમેદવારોએ પોતાના ભાગ્યની કસોટી આપી હતી. ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજયની વિવિધ કોર્ટો માટે ખાલી પડેલ બેલીફ તેમજ પટાવાળાની જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી હતી. જો કે કોર્ટની આ જગ્યાઓ માટે અસંખ્ય ઉમેદવારોએ પોતાનું ભાગ્ય અજમાવવા ફોર્મ ભર્યા હતા. કોર્ટની બેલીફ તેમજ પટાવાળાની ભરતી પ્રક્રિયા અંતર્ગત આજે ઉમેદવારોની લેખિત પરીક્ષા યોજવામાં આવી હતી. પાલનપુર શહેરની ૨૫ જેટલી જુદી જુદી શાળા કોલેજોમાં આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બેલીફ તેમજ પટાવાળાની જગ્યાઓ માટે લેખિત પરીક્ષા યોઈ હતી. કોર્ટની આ પરીક્ષામાં પાલનપુર ખાતે ૨૦ હજારથી વધુ ઉમેદવારોએ ઉત્સાહભેર પરીક્ષા આપી હતી. જો કે કોર્ટની પરીક્ષામાં બેલીફ તેમજ પટાવાલાની પરીક્ષા પેપર સરળ નિકળતા ઉમેદવારોના મુખ પર આનંદ જોવા મળ્યો હતો.

શબ્દાવલી - ૪૮૭૧



આડી ચાવી

૧. સવાર (૩)
૪. પરસેવો (૪)
૭. વીતી ગયેલ ક્ષણોની કથા (૫)
૯. રઘુ, રાજા દશરથના મોટા પુત્ર (૨)
૧૦. કંટાળેલું, ... આવવું, ત્રાસવું (૨)
૧૧. શોભા, નૂર (૩)
૧૨. દારૂ, શરાબ (૩)
૧૩. મદારી, ગારૂડી (૨)
૧૪. ફોજનો અમલદાર (૩)
૧૬. કબૂલાત, ઠરાવ (૩)
૧૮. ત્રાંબાનો એક ખાસ પ્રકારનો લોટો (૩)
૧૯. વાળની સેર (૨)
૨૧. આગ, બળતરા (૨)
૨૨. મુડદા દાટવામાં આવે તે જગ્યા (૩)

ઊભી ચાવી

૧. હોંશિયાર, ચતુર (૩)
૨. રાંધેલા ચોખા (૨)
૩. તકને ઝડપી લેનાર (૪)
૪. પ્રણાલી, રીત-રસમ (૨)
૫. ઉજ્જડ, નિર્જન (૩)
૬. ભભકાવાળું (૫)
૮. મેંશનું આંજણ કરી હોય તેવી (૪)
૧૧. રોજના આવક-જાવકની નોંધ રખાય તે ચોપડો (૪)
૧૨. શરાબખાનુ, દારૂની દુકાન (૫)
૧૩. સત્ત્વ, સાર (૨)
૧૫. યશ કીર્તિ (૨)
૧૭. રટણ (૨)
૧૮. કલા, કારીગરી (૩)
૨૦. સજારૂપે વસુલ કરાતી રકમ (૨)

શબ્દાવલી ૪૮૭૦ના જવાબ

આડી ચાવી :- (૧) સોનોગ્રાફી (૪) ટમીઅ (૭) હલવો (૯) નામ (૧૦) મહેક (૧૨) કલાકારી (૧૪) હોમ (૧૫) પરવરીશ (૧૬) જોર (૧૭) જડશુ (૧૮) પુરી (૧૯) તનકારા (૨૦) ખર (૨૧) જક (૨૨) મકતાણ

ઊભી ચાવી :- (૧) સોનામહોર (૨) ગ્રાહક (૩) ફીલ (૫) મીનાકારી (૬) અમરીશપુરી (૮) વોકર (૧૧) હેમ (૧૩) લાવણ્ય (૧૫) પરશુરામ (૧૬) જોડકાં (૧૭) જનક (૧૮) પુરણ (૧૯) તજ (૨૦) ખતા

લક્ષ્મીપુરાની કે.એલ. હોસ્પિટલમાં નિઃશુલ્ક દંત નિદાન કેમ્પ યોજાશે

લક્ષ્મીપુરા, તા. ૧૪

ખેડબ્રહ્માથી નજીક અંતરીયાળ વિસ્તારમાં આવેલી કે.એલ. હોસ્પિટલ ખાતે આજે ૧૧ થી ૪ દરમિયાન નિઃશુલ્ક દંતનિદાન કેમ્પ યોજાશે.

ખેડબ્રહ્માથી આશરે સાત કિલો મીટરના અંતરે આવેલ કે.એલ. હોસ્પિટલમાં આજે તા. ૧૫મી ઓક્ટોબર-૨૦૧૨ને સવારે ૧૧ થી સાંજના ૪ કલાક સુધી ડૉ. અંકુર ગુપ્તાના સહયોગથી આર.એસ. બી. વાય. કાર્ડ ધારકો માટે રાહતદરે તેમજ નિઃશુલ્ક દંત સારવાર કેમ્પ યોજાશે. આથી આસપાસના વિસ્તારના ગ્રામજનો અને રહિશોને આ કેમ્પનો લાભ લેવા આયોજકોએ અનુરોધ કર્યો છે.

ટિકિટ ફાળવણી દિવાળી બાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ કેશુભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત પરિવર્તન પાર્ટી પણ તમામ બેઠકો પર તેના ઉમેદવાર ઉભી રાખવાની ઈચ્છા ધરાવે છે. એમાં ભાજપના કોઈ આગેવાન કે ધારાસભ્યને ટિકિટ ન મળે તેની ખાતરી કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે. ગુજરાત પરિવર્તન પાર્ટી ભાજપમાંથી ટિકિટ ન મેળવનારને લાલ જાજમ પાછરીને આવકાર આપીને ટિકિટ આપવાની ઈચ્છા ધરાવે છે. એટલે વિચારવાનો પણ કોઈની પાસે સમય ન રહે તે માટે ભાજપ પણ ફોર્મ ભરવાની આગળી રાત્રેજ ઉમેદવારોના નામ જાહેર કરે તેમ માનવામાં આવે છે. જ્યારે કોંગ્રેસને પણ બળવો થવાનો ભય સતાવી રહ્યો છે. તેના આગેવાન અથવા તો ઉમેદવારો ટિકિટ ન મળે તો તે અન્ય પાર્ટીમાં જઈને ટિકિટ ન મેળવે તેવી ચિંતા કોંગ્રેસને પણ સતાવી રહી છે. જેથી ભાજપની જેમ કોંગ્રેસ પણ છેલ્લી ઘડીએજ તેના ઉમેદવારોની યાદી જાહેર કરે તેવી શક્યતા છે. ચૂંટણીને લિને બન્ને પક્ષો પોત પોતાની અંતિમ તૈયારીમાં લાગેલા છે.

તીર ઘટી રહ્યા છે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

છતાં કઈ બેઠક ઉપર ક્યા ઉમેદવાર ફીટ થાય તેમ છે તેનો ખ્યાલ સ્ટેટ આઈબી પણ રાખી રહ્યું છે. બન્ને પાર્ટીઓ પહેલાં નામો વહેતા કરીને પાર્ટી કાર્યકરોનો મૂડ જાણશે, પછી અચાનક નામ બદલાઈ જશે. ૨૦૦૭ની ચૂંટણીમાં કેટલીક બેઠકોમાં આ પ્રકારની પ્રેક્ટિસ કરવામાં આવી હતી. રાજકારણમાં વજનદાર ઉમેદવાર કરતાં જીતી શકે તેવા ઉમેદવારની સન્ન જરૂર હોય છે એટલા માટે વગદાર અને જીતી શકે તેવા ઉમેદવારો તોડવાના ઓપરેશન શરૂ થઈ ચૂક્યાં છે. કોંગ્રેસના ગઢમાં ગાબડાં પાડવા ભાજપ સક્રિય બન્યો છે તો કોંગ્રેસ પાસે ભાજપના બળવાખોરોનો ખરાબ રેકોર્ડ હોવાથી નવા ઉમેદવારો તલાશ કરવામાં આવી રહ્યાં છે.

ભાજપમાં એવું છે કે મોદી પસંદ કરે તેને ટીકીટ મળશે. મોદી જ તેમના ૧૮૨ ઉમેદવારો ઉભા રાખશે. આ વખતે યુવા અને મહિલા ઉમેદવારો ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. કોંગ્રેસ પાસે નવા ઉમેદવારો શોધવાની કવાયતની સાથે ચાર ગ્રુપને ચૂંટણી સુધી એકમંચ ઉપર રાખવાની ચુનૌતિ છે. છેલ્લે માણસામાં કોંગ્રેસ એકજૂથ બનીને ચૂંટણી લડી તો ફાયદો થયો છે, તેને મુદ્દો બનાવીને કેન્દ્રીય મોવડીમંડળની મદદ માગવામાં આવી છે.

પ્રદેશ કોંગ્રેસમાં મૂળ કોંગ્રેસ, જનતાદળ ગુજરાત અને શંકરસિંહ વાઘેલાના રાજપાના નેતાઓ છે. ચોથું ગ્રુપ માધવસિંહનું માનવામાં આવે છે. માધવસિંહના ઉમેદવારો ઓછા થયા છે પરંતુ તેઓ ટીકીટ માટે દબાણ કરી શકે છે. શંકરસિંહ અને નરહરિ અમીન-સિદ્ધાર્થ પટેલ સમર્થકોને ટીકીટ માટે ભલામણ કરી શકે છે. વર્ષોથી પાર્ટીમાં કોઈ પદ લીધા સિવાય ચૂપચાપ કામ કરી રહેલો એક વર્ગ પણ કોંગ્રેસમાં મોજૂદ છે. આખરમાં પ્રદેશ નેતાઓના પુત્રો અને સગા-સ્નેહીઓ છે.

નવરાત્રીની શરૂઆત થી ઉમેદવારી ફોર્મ ભરવા સુધીમાં ઉમેદવારો પસંદ કરવા મેરેથોન બેઠકો યોજાશે. કોંગ્રેસ માટે જેમ કપરી જવાબદારી છે તેમ ભાજપ માટે વધારે કપરો કાળ છે, કારણ કે ભાજપમાં એવું કહેવાય છે કે ટીકીટ મળે તો લોટરી મળ્યા બરાબર છે. જેમને ટીકીટ નહીં મળે તેઓ માટે કેશુભાઈ પટેલની પરિવર્તન પાર્ટીમાં જવાના રસ્તા ખૂલ્લા છે.

ઉમેદવારોની સાથે ચૂંટણી પ્રચારમાં આવેલો ગરમાવો શાંત ન પડે તે જોવાનું રહે છે, કારણ કે છેલ્લા એક વર્ષથી પ્રચારના જે બાણ ચાલ્યા છે તે બિન અસરકારક પૂરવાર ન થાય તેનો ખ્યાલ રાખવાની જવાબદારી સોંપી દેવામાં આવી છે. જો કે આ વખતે પ્રજા જેમાં પિસાય છે તે મોંઘવારીના મુદ્દાને ગૌણ બનાવી દેવાયો છે.

ગ્રામ સભા અભિયાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ ચુકયો છે. આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવે છે.

૧૦૦ દિવસની રોજગારી પૂર્ણ કરનાર પરિવારને ત્રિકમને તગારૂ પણ આપવાની યોજના છે. ગાંધીનગર જિલ્લામાં આ યોજના અંતર્ગત એક લાખથી પણ વધુ માનવદિન રોજગારીનું નિર્માણ કરી દેવામાં આવ્યું છે. જિલ્લાનું આગામી વર્ષનું લેબર બજેટ પણ ચાલુ વર્ષ જેટલું જ થશે તેવા અંદાજો છે. જો કે આ વખતે રોજગારીની તકો વધુ ઉત્પન્ન થાય તે માટે તંત્ર દ્વારા વધુ પ્રયાસો હાથ ધરાશે આ માટે લાઈન ડિપાર્ટમેન્ટસને પણ જરૂરી સૂચનાઓ કરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૮૨૮